પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૨૦ | ૨૦ ઓક્ટોબર, ૨૦૨૨, ગુરૂવાર; આસો વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦






સિદ્ધિની છોળો - પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બુધવારે ગુજરાતના ઝંઝાવાતી પ્રવાસે સમગ્ર દિવસ દરમિયાન ગાંધીનગર, અડાલજ, જૂનાગઢ, રાજકોટ જેવા અનેક સ્થાનો પર મહત્વના મુદ્દાઓ પર જોરદાર વાતો કરી હતી... પરંતુ એટલું જ નહિ ૪૧૫૭ કરોડના વિકાસના મુર્હુત કર્યા... ક્યાંક મેડિકલ કોલેજ, મત્સ્ય બંદર, એક્સેલન્સ સ્કૂલ અને ડિફેન્સ એક્સ્પો જેવા મહત્વકાંક્ષી કાર્યક્રમોમાં પ્રધાનમંત્રીએ પોતાના મનની વાત રજૂ કરી હતી... અને ગુજરાતની પ્રજાએ પણ ઉમળકાભેર વાતોને વધાવી હતી... હજુ ગુરૂવારે ગુજરાતના ચારેક જિલ્લામાં પ્રવાસ કરી વિકાસના કાર્યોનું લોકાર્પણ અને ખાતમુર્હુત કરવા પ્રતિબદ્ધ છે.

# ખડગે કોંગ્રેસના અધ્યક્ષ પદે વિજયી

**કોંગ્રેસને ૨૪ વર્ષ બાદ ગાંધી પરિવારની બહારના અધ્યક્ષ મળ્યા : ખડગેને ૭,૮૯૭ મત મળ્યા, જ્યારે શશી થરૂરને ૧,૦૭૨ મત મળ્યા, ૯૫૦૦ જેટલા સભ્યોએ મતદાન અધ્યક્ષની ચૂંટણીમાં મતદાન કર્યું હતું**

નવી દિલ્હી, તા.૧૯

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી મલ્લિકાર્જૂન ખડગે જીત્યા છે. કોંગ્રેસને ૨૪ વર્ષ બાદ ગાંધી પરિવાર બહારના અધ્યક્ષ મળ્યા છે. ખડગેને ૭,૮૯૭ મત મળ્યા હતા જ્યારે શશી થરૂરને ૧,૦૭૨ મત મળ્યા હતા. ખડગેએ ૮ ગણા વધુ મતથી જીત પ્રાપ્ત કરી છે. ૯૫૦૦ જેટલા સભ્યોએ મતદાન કર્યા પછી આજે કોંગ્રેસના પ્રમુખ માટેની મતગણતરી હાથ ધરવામાં આવી હતી. મત ગણતરી ૧૦:૦૦ વાગ્યાથી શરૂ થઈ ગઈ હતી. એંસી વર્ષીય મલ્લિકાર્જુન ખર્ગે જીતે કે ૬૬ વર્ષીય શશી થરૂર એક ચીજ નક્કી છે કે દેશની સૌથી જૂની પાર્ટી કોંગ્રેસના છેલ્લા ૨૪ વર્ષમાં પ્રથમ વખત નેહરુ કે ગાંધી કુટુંબની



બહારની વ્યક્તિ પ્રમુખ તરીકે મળ્યા છે. કોંગ્રેસ અધ્યક્ષની ચૂંટણીનું પરિણામ આવવામાં હજુ થોડો સમય બાકી છે પરંતુ તે પહેલા જ કોંગ્રેસના સમર્થકોએ કાર્યાલયની બહાર મલ્લિકાર્જુન ખડગેના પોસ્ટર લગાવવાનું શરૂ કરી દીધું હતું.

કોંગ્રેસ અધ્યક્ષ પદ માટે ચાલી રહેલી મતગણતરી વચ્ચે શશિ થરૂરના પોલિંગ એજન્ટે ગંભીર આરોપ લગાવ્યા છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે તેમણે મતદાન દરમિયાન ઉત્તર પ્રદેશમાં ગડબડ કરવાનો આરોપ લગાવ્યો છે. આ અંગે મધુસુદન મિસ્ત્રીને ફરિયાદ પણ કરવામાં આવી છે. કોંગ્રેસ અધ્યક્ષ પદ માટે મત ગણતરી શરૂ થઈ ગઈ છે. સાંજે ૩:૦૦ વાગ્યાથી ૪:૦૦ વાગ્યા દરમિયાન પરિણામ આવી શકે છે.

ખડગેને અભિનંદન આપવા માટે નેતાઓ અને કાર્યકરો તેમના ઘરે પહોંચવા લાગ્યા છે. કર્ણાટકના ગુલબર્ગાના કોંગ્રેસના નેતાઓ ખડગેના ઘરે પહોંચી ગયા છે.

કોંગ્રેસના ૧૩૭ વર્ષના ઈતિહાસમાં માત્ર છ વખત પ્રમુખ માટે મતદાન કરવાની જરૂર પડી છે. સોનિયા ગાંધીએ વયના કારણે અને ૨૦૧૯માં લોકસભા ચૂંટણીમાં કારમી હાર બાદ રાહુલ ગાંધીએ પક્ષના પ્રમુખ તરીકે રાજીનામું આપી દીધા બાદ આ જગ્યા ખાલી પડી હતી. બે વર્ષ દરમિયાન કેટલીયે વખત નવા નેતાની પસંદગી પહેલા રાહુલ ગાંધીને ફરીથી પ્રમુખપદ સંભાળી લેવા માટે વિવિધ નેતાઓએ વિનંતી કરી હતી પણ ગાંધીએ તેનો અસ્વીકાર કર્યો હતો.

# ડોલર સામે રૂપિયો ૮૨.૯૬ના ઐતિહાસિક તળિયે પહોંચ્યો

**ક્રૂડમાં સામાન્ય તેજી અને ડોલરની સામાન્ય વધઘટ : મોટા ડીલર્સ દ્વારા થયેલ સોદાને પગલે ઓછા જ સમયમાં એક જ દિવસમાં રૂપિયો ૦.૭૦% સુધી તૂટ્યો**

નવી દિલ્હી, તા.૧૯

ક્રૂડમાં સામાન્ય તેજી અને ડોલરની સામાન્ય વધઘટ વચ્ચે ભારતીય ચલણમાં બુધવારના મધ્ય સત્રમાં એકાએક મોટા સોદા થયા છે. બુધવારે રૂપિયો ૮૨.૯૬ પ્રતિ યુએસ ડોલરના ઐતિહાસિક તળિયે પહોંચ્યો છે.

રૂપિયો આજના સત્રમાં ૮૨.૩૦ની આસપાસ કામકાજ કરી રહ્યો હતો ત્યાં બપોરના સત્રમાં એકાએક રૂપિયામાં મોટા સોદા થયા છે તેમ બેંકર્સોએ જણાવ્યું છે. મોટા ડીલર્સ દ્વારા થયેલ સોદાને પગલે ઓછા જ સમયમાં એક જ દિવસમાં રૂપિયો ૦.૭૦% સુધી તૂટ્યો છે.

અમેરિકન બજાર પર નજર કરીએ તો ડાઉ ફ્યુચર્સ ઉપલા મથાળેથી ૩૦૦ અંક સુધી ગગડ્યો છે અને તેની અસર ભારતીય શેરબજાર પર પણ પડી છે. ૧૦૦ અંકોના વધારા સાથે કામકાજ કરી રહેલ નિફ્ટી ૫૦ ઈન્ડેકસ ડાઉ ફ્યુચર્સ અને રૂપિયાની ધમાલને કારણે એક સમયે નેગેટીવ ઝોનમાં સરકવાની તૈયારી કરી રહ્યો હતો. સેન્સેકસ પણ ઉપલા મથાળેથી ૪૪૦ અંકોથી વધુ ઘટ્યો છે.

ભારતીય ચલણ ડોલરની સામે બુધવારે ગઈકાલના બંધ ભાવ ૮૨.૨૯૧ની સામે ઈન્ટ્રાડેમાં જ ૮૨.૯૬૭ પ્રતિ યુએસ ડોલર સુધી તૂટ્યો હતો. આજના આ ઘટાડાએ ફરી આરબીઆઈની ઉંઘ હરામ કરી છે કારણકે રૂપિયામાં ડોલરની સામે એક જ દિવસનો આ વાઈલ્ડ મૂવ સામાન્ય નથી.

ભારતીય કરન્સી ડોલરની સામે આ વર્ષે ૧૦%થી વધુ તૂટી છે. આજે ડોલર ઈન્ડેકસ ૦.૩૩%ના વધારે ૧૧૨.૩૬૮ પર કામકાજ કરી રહ્યો છે. અમેરિકના બેંચમાર્ક ૧૦ વર્ષના સરકારી બોન્ડની યિલ્ડ ૦.૦૬૨૭, ૧.૫૭%ના વધારે ૪.૦૬૧%ના લેવલે ટ્રેડ કરી રહ્યાં છે.

# દેશભરના મુખ્યમંત્રીઓમાં ભૂપેશ બઘેલ સૌથી લોકપ્રિય સીએમ

**બીજા નંબર પર દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલ : આઈએએનએસ સી વોટર સર્વેમાં દેશના લોકો અને જે તે રાજ્યના લોકોની નારાજગી રજૂ કરવામાં આવી છે**

નવી દિલ્હી,તા.૧૯

જ્યારે રાજ્ય સરકારો અને મુખ્યમંત્રીઓ વિરુદ્ધ ગુસ્સાની વાત આવે છે, તો ભારતીયો સ્પષ્ટ રીતે ભાજપ અને બિન ભાજપ શાસિત રાજ્યો પ્રત્યે પક્ષપાત રાખતી નથી. આઈએએનએસ અને સીવોટર ઓપિનિયન પોલમાં તૈયાર કરેલા અંગર ઈંડેક્સ અનુસાર, ભારતીય રાજસ્થાનન મુખ્યમંત્રી અશોક ગેહલોતથી સૌથી વધારે નારાજ છે. છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલથી સૌથી ઓછા નારાજ છે. મજાની વાત એ છે કે, આ બંને કોંગ્રેસશાસિત રાજ્યો છે. ગહેલોત બાદ કર્ણાટકના મુખ્યમંત્રી સીએમ બસવરાજ બોમ્મઈ અને બિહારના સીએમ નિતીશ કુમાર છે. રાજ્ય સરકારમાં તાજેતરમાં સંકટ અને રાજ્યમાં કોંગ્રેસમાં બે પાવરહેડ્સ સચિન પાયલટ અને અશોક ગેહલોતની વચ્ચે ખુલ્લો વિદ્રોહ જોતા રાજસ્થાનનો સર્વે ચોંકાવનારો નથી. એક વાર નવા મુખ્યમંત્રી તરીકે પાયલટનું નામ આવ્યા બાદ રાજસ્થાનમાં સંકટ વધ્યું છે. આ સર્વે અનુસાર, છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલને ભારતમાં શાસનના તમામ સ્તરો પર સૌથી ઓછી વિરોધી લહેરનો સામનો કરવો પડી રહ્યો છે. બઘેલ બાદ બીજા નંબર પર દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ આવે છે. આગામી ૧૨ મહિનામાં મતદાનવાળા રાજ્યોમાં હિમાચલ, કર્ણાટક, તેલંગણા અને રાજસ્થાન સહિત મોટા ભાગના અન્ય મુખ્યમંત્રીઓને આ માપદંડમાં ઓછુ સ્થાન આપવામાં આવ્યું છે. સર્વે અનુસાર, છત્તીસગઢમાં ફક્ત ૬ ટકા લોકોએ બઘેલ વિરુદ્ધ નારાજગી વ્યક્ત કરી છે.

## ફ્રાન્સના રાષ્ટ્રપતિ ૨૦૨૩ની શરૂઆતમાં ભારત આવશે

નવી દિલ્હી, તા.૧૯

ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન આવતા વર્ષની શરૂઆતમાં ભારતની મુલાકાતે આવશે. તેમની મુલાકાત મહારાષ્ટ્રના જૈતપુર ખાતે ૧,૬૫૦ મેગાવોટના પરમાણુ પાવર પ્લાન્ટના નિર્માણ પર નવેસરથી ભાર મૂકવાની વચ્ચે આવશે.

ફ્રાન્સના ડેપ્યુટી મિનિસ્ટર ઓફ ડેવલપમેન્ટ ક્રાયસોલા ઝાચારોપોલુએ વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રી જિતેન્દ્ર સિંહ સાથેની બેઠક દરમિયાન જણાવ્યું હતું કે મેક્રોન ૨૦૨૩ની શરૂઆતમાં ભારતની મુલાકાતે આવવાના છે.

# બંગાળની ખાડીમાં ચક્રવાતનું પૂર્વાનુમાન હવામાન ચાલ બદલે તેવી સંભાવના

**પુણે-ઢાણેથી લઈને કર્ણાટક અને કેરલમાં વરસાદની સિઝન ચાલું : દિલ્હીથી લઈને યૂપી-બિહાર સુધીના વિસ્તારોમાં ભારે વરસાદથી રાહત મળી ચુકી છે, ઉત્તર ભારતથી દક્ષિણ પશ્ચિમ ચોમાસાની વિદાય લગભગ થઈ ચુકી છે**

નવી દિલ્હી,તા.૧૭

દિલ્હી એનસીઆરથી લઈને યૂપી-બિહાર સુધીના વિસ્તારોમાં ભારે વરસાદથી રાહત મળી ચુકી છે. ઉત્તર ભારતથી દક્ષિણ પશ્ચિમ ચોમાસાની વિદાય લગભગ થઈ ચુકી છે. પણ દક્ષિણ અને મધ્ય ભારતમાં હજૂ પણ તેની અસર જોવા મળી રહી છે. આ જ કારણ છે કે, મહારાષ્ટ્રના પુણે-ઢાણેથી લઈને કર્ણાટક અને કેરલમાં વરસાદની સિઝન ચાલું છે. તો વળી બંગાળની ખાડીમાં ચક્રવાતનું પણ પૂર્વાનુમાન લગાવામાં આવ્યું છે. જેનાથી ફરી એક વાર હવામાન પોતાની ચાલ બદલે તેવી સંભાવના છે.

આઈએમડી એટલે કે, ભારતીય હવામાન વિજ્ઞાન વિભાગે કહ્યું કે, બંગાળની ખાડી પર ઓછા પ્રેશર વાળા વિસ્તાર બનવાની સંભાવના છે અને વીકેન્ડ સુધી ચક્રવાતમાં બદલી શકે છે. આઈએમડીના જણાવ્યા અનુસાર, આગામી ૩૬ કલાકની અંદર બંગાળની ખાડીના દક્ષિણ પશ્ચિમ અને તેનાથી અડીને આવેલા પૂર્વ મધઅય ભાગ ઉપર ઓછુ પ્રેશર રહેવાની સંભાવના છે. તેમણે કહ્યું કે, તે પશ્ચિમ-ઉત્તર આગળ વધવાની સંભાવના છે અને ૨૨ ઓક્ટોબરની સવાર સુધી બંગાળની ખાડીના મધ્યમાં આ પ્રેશર બની શકે છે. આઈએમડીના જણાવ્યા અનુસાર, તેના બંગાળની ખાડીના પશ્ચિમ મધ્ય ઉપર ચક્રવાતી તોફાનમાં બદલવાની અણસાર છે. આઈએમડીના ડિરેક્ટક મૃત્યુંજય મહાપાત્રાએ કહ્યું કે, ઓછા પ્રેશરવાળા ક્ષેત્રમાં તોફાન બની શકે છે. પણ તેની તીવ્રતા અને માર્ગ વિશે કોઈ પૂર્વાનુમાન જાહેર નહીં કરવામાં આવ્યું. ઓછા પ્રેશરવાળા ક્ષેત્ર બન્યા બાદ ચક્રવાતને લઈને અમે આગળનું વિવરણ આપી શકીએ છીએ. ઓડિશા સરકારે આ પૂર્વાનુમાનના ધ્યાને રાખથા ૨૩થી ૨૫ ઓક્ટોબરની વચ્ચે કર્મચારીઓની રજાને રદ કરી દીધી છે. રાજ્યના તટીય જિલ્લા એલર્ટ પર છે.

# અમેરિકાએ ભારતને ૩૦૭ પ્રાચીન વસ્તુઓ પરત કરી

**યુએસે લગભગ ૧૫ વર્ષની તપાસ બાદ કાર્યવાહી કરી : વસ્તુઓની કિંમત લગભગ ૪ મિલિયન યુએસ ડોલર મોટાભાગની વસ્તુઓ સુભાષ કપૂર પાસેથી મળી આવી**

નવી દિલ્હી, તા.૧૯

લગભગ ૧૫ વર્ષની તપાસ પછી, યુએસએ ભારતને ૩૦૭ પ્રાચીન વસ્તુઓ પરત કરી છે, જે ચોરી કરવામાં આવી હતી અથવા દેશની બહાર દાણચોરી કરવામાં આવી હતી. આ વસ્તુઓની કિંમત લગભગ ૪ મિલિયન યુએસ ડોલર છે. આમાંની મોટાભાગની વસ્તુઓ કુખ્યાત ઉદ્યોગપતિ સુભાષ કપૂર પાસેથી મળી આવી હતી.

મેનહટન ડિસ્ટ્રિક્ટ એટર્ની એલ્વિન બ્રેગે સોમવારે ભારતને લગભગ ૪ મિલિયન ડોલરની કિંમતની ૩૦૭ પ્રાચીન વસ્તુઓ પરત કરવાની જાહેરાત કરી હતી. બ્રેગે જણાવ્યું હતું કે મેનહટન ડિસ્ટ્રિક્ટ એટર્નીની ઓફિસ દ્વારા કપૂર વિરુદ્ધ કરવામાં આવેલા દરોડામાં આમાંથી ૨૩૫ વસ્તુઓ જપ્ત કરવામાં આવી હતી.




# બિહારમાં ધો-૭ની પરીક્ષામાં કાશ્મીરને અલગ દેશ ગણીને પ્રશ્ન પૂછવામાં આવ્યો

પટના, તા.૧૯

બિહારના કિશનગંજ જિલ્લામાં ધોરણ ૭ ની અર્ધવાર્ષિક પરીક્ષાના પેપર પર વિવાદ ઉભો થઈ ગયો છે. બિહાર એજ્યુકેશન પ્રોજેક્ટ કાઉન્સિલ દ્વારા લેવામાં આવેલી પરીક્ષામાં કાશ્મીરને અલગ દેશ ગણીને પ્રશ્ન પૂછવામાં આવ્યો. ભાજપ સીએમ નીતીશ કુમાર પર રોષે ભરાઈ છે. ભાજપ પ્રદેશાધ્યક્ષ સંજય જયસ્વાલે આરોપ લગાવ્યો કે આ બધુ સીમાંચલમાં જ કેમ થઈ રહ્યુ છે. બિહાર સરકાર કાશ્મીરને ભારતનુ અભિન્ન અંગ માનતા નથી.

પ્રશ્ન પત્રમાં સવાલ પૂછવામાં આવ્યો કે આ દેશોના લોકોને શુ કહેવામાં આવે છે, જેમાં ચીન, નેપાળ, ઈંગ્લેન્ડ અને ભારતની સાથે કાશ્મીરનો વિકલ્પ પણ આપવામાં આવ્યો છે. એટલે કે પેપરમાં કાશ્મીરને ભારતથી અલગ એક અન્ય દેશ તરીકે દર્શાવાયુ છે. પ્રદેશ ભાજપ અધ્યક્ષ ડો. સંજય જયસ્વાલે આ મુદ્દે રાજ્ય સરકારને આડે હાથ લીધી. તેમણે આરોપ લગાવ્યો છે કે સમગ્ર સીમાંચલ ક્ષેત્રમાં હિંદી સ્કુલોમાં શુક્રવારની રજા અને હવે સાતમા ધોરણનુ આ પ્રશ્નપત્ર જે પૂછે છે કે નેપાળ, ચીન, ઈંગ્લેન્ડ, હિન્દુસ્તાન અને કાશ્મીરમાં રહેનારને શુ કહેવામાં આવે છે?

ડો. જયસ્વાલે મંગળવારે પોતાની ફેસબુક પોસ્ટ દ્વારા આરોપ લગાવ્યો કે પ્રશ્ન જ દર્શાવે છે કે બિહાર સરકારના સરકારી પદાધિકારી અને બિહાર સરકાર કાશ્મીરને ભારતનુ અંગ માનતા નથી.




**PARAM AUTOMOBILES**
• Gandhinagar : 7069075809, 9925006035 • Kalol : 7069075809, 9925006552
• Dehgam : 7069075809, 9925007434